ઈન્ફોસીટી ઓવરબ્રિજ નીચે ટ્રાફિક જામ : એમ્બ્યુલન્સ ફસાઈ...

ગાંધીનગરમાં પણ છેલ્લા એક દાયકાથી ટ્રાફિક સિનારીયો બદલાયો છે. મેગાસીટીની જેમ ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સામાન્ય બન્યા છે. જો કે શહેરમાં મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલો જબુકતા થયા બાદ વાહનચાલકોમાં ટ્રાફિક સેન્સ કેળવાઈ રહી છે. પરંતુ રોડ નેટવર્ક અપગ્રેડ થવાની સાથે હજુ ગતિ નિયંત્રણની અમલવારી મામલે શહેરીજનો નિરસતા સેવી રહ્યા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

બીજીતરફ શહેરમાં ટ્રાફિક નિયમનના મામલે પણ હજુ કચાશ છે. વાહનચાલકોમાં પાર્કીંગ સેન્સ નથી જયારે પાર્કીંગ માટેની પુરતી જગ્યા અને આયોજનના અભાવે આ સમસ્યા વધુ જટીલ બનતી જાય છે ત્યારે પૈડા પરની જિન્દગી પણ માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોના અભાવે જોખમી છે. વાહનચાલકોમાં ટ્રાફિકના નિયમન અંગે જાગૃતિ કેળવાય તેની અનિવાર્યતા વર્તાઈ રહી છે.

શહેરમાં વધતા ટ્રાફિક વચ્ચે ઈમરજન્સી સેવાઓ પણ અટવાઈ પડે તેવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. આજે ટ્રાફિક જામના લીધે એક એમ્બયુલન્સ પણ અટવાઈ હતી ઈન્ફોસીટી ઓવરબ્રિજ પાસે સાંજના સમયે ટ્રાફિક જામ થયો હતો જયારે આ ટ્રાફિક જામમાં દર્દીને લઈને જતી એમ્બયુલન્સ પણ અટવાઈ હતી વાહનોની ભીડમાં અટવાયેલી એમ્બ્યુલન્સને સમયસર જગ્યા ન મળતા અંદાજે ૧૦ થી ૧૫ મિનિટ જેટલો સમય નિકળી ગયો હતો જયારે આ ટ્રાફિક જામ નિવારવા માટે શહેરના પ્રવેશદ્વાર સમા ઘ-૦ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ પણ ફરજ પર હાજર ન હોવાનો રોષ વાહનચાલકોઅએ ઠાલવ્યો હતો જેના લીધે જામ વચ્ચે અટવાયેલા વાહનચાલકોએ એમ્બ્યુલન્સને રસ્તો આપવા મથામણ કરી હતી જેના અંતે માંડ માંડ એમ્બ્યુલન્સ તેના રસ્તા પર આગળ વધતી થઈ હતી પાટનગરમાં પોલીસ પહેરા અને ટ્રાફિક નિયમનના અભાવે ટ્રાફિક સિનારીયો આ હાલતમાં હોવાનો રોષ પણ રાહદારીઓએ વ્યકત કર્યો હતો.

શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૩૯ કેસ નોંધાયા

ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ કેસ નોંધાયા, જેમાં દહેગામમાં ૫, કલોલમાં ૧, ગાંધીનગરમાં ૯ અને માણસામાં ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ આજે ઘટેલુ જણાયુ છે. શહેર-જિલ્લામાં આજે નવા ૩૯ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૨૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ દર્દીઓ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટતુ હોય તેવુ લાગી રહ્યુ છે પરંતુ નવા-નવા વિસ્તારોમાંથી જે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસો એ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું હાલ પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ તેમજ ટીનેજર્સ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેમજ મોટીવયના દર્દીઓ પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કોરોના ગાઈડલાઈનના ચુસ્ત અમલીકરણ માટે તંત્રએ સૂચનાઓ આપી છે.

લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ હોવાથી તંત્ર ચિંતામાં છે તો હોસ્પિટલાઈઝેશન રેટ અગાઉની તુલનામાં ઓછો છે અને રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત પણ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૫, કલોલમાં ૧, ગાંધીનગરમાં ૯ અને માણસામાંથી ૩ કેસ નોંધાયા છે. ચારેય તાલુકામાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધવા પામી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા અને ૮ જેટલા ટીનેજર્સનો સમાવેશ થાય છે. આજે એક દર્દીને સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામમાં દહેગામ અર્બનમાં ૩ કેસ તેમજ સાંપા અને બહિયલ ગામેથી કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ૬ કેસ ઉવારસદ ગામમાંથી મળ્યા છે જયારે બે કેસ રૂપાલ ગામેથી અને એક કેસ સોનીપુર ગામેથી મળી આવેલ છે. આ ત્રણેય ગામમાં છેલ્લા થોડાક દિવસથી સતત કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

શહેરમાં સે. ૭, સે. ૫ માં ૩-૩ કેસ, સે. ૩, ૨૬ અને સે. ૧૨માં તથા સરગાસણમાં ૨-૨ કેસ નોંધાયા : આ ઉપરાંત સે. ૨, ૨૨, ૪, ૧૯ તેમજ વાસણા હડમતિયા, વાવોલ અને કુડાસણમાંથી કેસો મળી આવ્યા

કલોલમાં પલીયડ ગામેથી એક કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં ત્રણેય કેસ માણસા અર્બનમાંથી મળેલ છે. માણસા અર્બનમાં નોંધાયેલ ૩ કેસમાં બે મહિલા દર્દી છે. માણસા અર્બનમાં ૨૭ વર્ષીય મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં ૧૯૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા છે. શહેરના સેક્ટરોમાં સંક્રમણ વધ્યુ છે જયારે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે કેસો ઘટ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દીઓ છે તેમજ ટીનેજર્સની સંખ્યા પણ સારી એવી છે. શહેરમાં કેસો વધવા સાથે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે. જો કે સર્વેલન્સ સઘન

● અનુસંધાન પાન-૭ પર

સે-૬માં આકસ્મિક તપાસ દરમિયાન પેટાભાડુઆતના ૧૨ કિસ્સા પકડાયા

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં સે-૬ માં તંત્ર દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવ્યા બાદ મકાનો પેટાભાડુઆતોને આપી દેવાના ૧૨ કિસ્સા ધ્યાને આવ્યા હતા જયારે આ પૈકી અત્યાર સુધીમાં માત્ર ૩ જ કિસ્સામાં મકાનોનો કબજો તંત્રને પરત સોંપવામાં આવ્યો છે જયારે આ મામલે હવે તંત્ર દ્વારા સંબંધિત કર્મચારીઓના વિભાગને નોટીસ મોકલવામાં આવશે ત્યારબાદ મકાનોની ચાવી પરત મેળવી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગરમાં સરકારી આવાસ મેળવ્યા બાદ પેટાભાડુઆતોને મકાન રહેવા આપવાની હરકત સામે તંત્રએ હાથ ધરેલી આકસ્મિક તપાસ દરમિયાન સે-૬ ના વીરભગતસિંહ નગરમાંથી ૧૨ કિસ્સામાં પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ પેટાભાડુઆતો પૈકી અત્યાર સુધી માત્ર ત્રણ લાભાર્થીઓએ મકાનની ચાવી તંત્રને પરત આપી છે. જયારે પેટાભાડુઆતોના કિસ્સામાં મહેસુલ મંત્રીના કાર્યાલયના એક કર્મચારી સહીત અન્ય નવ લાભાર્થીઓએ મકાન પરત કર્યુ નથી જેના અંતે હવે આ કર્મચારીઓને અનુલક્ષીને સંબંધિત વિભાગને નોટીસ આપવામાં આવશે. સરકારી આવાસો પેટાભાડુઆતોને આપી દેવાની ફરિયાદો વધી છે. જયારે આ ફરિયાદોને અનુલક્ષીને પાટનગર યોજના વિભાગ દ્વારા કલેકટર તંત્રના અધિકારીઓને સાથે રાખી સે-૬ સ્થિત સરકારી વસાહત વીર ભગતસિંહ નગરમાં સવારે સાત વાગ્યે આકસ્મિક તપાસ હાથ ધરી

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં દિવસે વાદળિયા વાતાવરણ બાદ સાંજે વરસાદી ઝાપટાથી ઠંડક પ્રવર્તી

સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદનો વિરામ સાંજે ઝાપટુ વરસાવતા સેકટરામાં ભીંજારાનો માહોલ

ગાંધીનગર તા૨૫

ગાંધીનગરમાં બે દિવસ વરસાદના હળવા ભારે ઝાપટા બાદ આજે દિવસના અંતે વરસાદી ઝાપટાથી ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. સવારથી વાદળિયા વાતાવરણના અંતે સાંજના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો વધુ પ્રબળ બન્યો હતો જો કે વરસાદ ઝાપટુ વરસાવી બંધ થઈ ગયો હતો સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જયારે વરસાદી ભીંજારા વચ્ચે ઠેર ઠેર ઉદભવેલી સમસ્યાઓ પણ સ્થાનિકો માટે હાલાકીનુ કારણ બની છે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો અંદાજિત ૧૦ ઈંચથી વધુ વરસાદ થયો છે. છેલ્લા બે દિવસ દરમિયાન શહેરમાં ભારે વરસાદ વરસતા સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. જયારે આજે દિવસ દરમિયાન વરસાદે વિરામ લીધો હતો. આકાશમાં વરસાદી વાદળોની અવરજવર વચ્ચે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ જયારે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો આકાશમાં કાળા ડીબાંગ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા જયારે સાંજના સમયે વરસાદનુ ઝાપટુ વરસતા શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખોબોચિયા ભરાઈ ગયા હતા જયારે ઓફિસ છુટવાના સમયે વરસાદી ઝાપટુ વરસતા જનજીવન પ્રભાવિત થયુ હતુ. જો કે થોડીવાર ઝાપટુ વરસાવી વરસાદ બંધ થઈ ગયો હતો. શહેરના સેકટરોમાં કોમન પ્લોટમાં છેલ્લા બે દિવસથી વરસાદી પાણી ભરાયેલા જોવા મળે છે. જયારે આંતરિક વિસ્તારમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરમાં સતત વરસાદી ભીંજારા વચ્ચે ઠેર ઠેર માટી પોલાણ અને ગાબડા જોવા મળી રહ્યા છે. જેના લીધે વાહનચાલકો માટે જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. જયારે વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ અને સુકાયેલા વૃક્ષો પણ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી સ્થિતિ છે. જે હજુ પણ દુર કરવામાં વિલંબ થઈ રહ્યો હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે. એકબાજુ વરસાદી મોસમની જમાવટ વચ્ચે શહેરમાં હરિયાળી નિખરી છે. શહેરના મુખ્યમાર્ગો અને સેકટરોના આંતરિક વિસ્તારોમાં આંખોને ઠંડક આપતા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. બીજીતરફ વરસાદી સમસ્યાઓથી પણ શહેરીજનો પરેશાન છે. જેમાં સેકટરોના આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બનતા વાહનચાલકો માટે પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. શહેરમાં કોમન પ્લોટ તેમજ વન આરક્ષિત વિસ્તારમાં પણ બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળતા સેકટરોમાં માખી અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે.

નવા વિકસેલા ગાંધીનગરમાં હજુ સુવિધાઓનો અભાવ જોવા મળે છે. જે રોડ રસ્તા બનાવાયા છે તેની ગુણવત્તા નબળી હોવાથી વરસાદ પડતા જ આ માર્ગો ધોવાઈ જાય છે અને વાહનોની સતત અવરજવરના કારણે રસ્તા પર મસ મોટા ખાડા પડી જાય છે. કુડાસણમાં વરસાદના પ્રારંભે જ માર્ગોની હાલત ખુબ ખરાબ થઈ ગઈ છે. વાહનચાલકોને ખુબ જ તકલીફો વેઠવી પડી રહી છે.

જિલ્લામાં લોકો ઉશ્કેરાટ વધુ અનુભવે છે : કારણ વાત્ત પિત્ત દ્વંદ પ્રકૃતિ છે

૬૦૦ થી વધુ લોકોના કરાયેલા પ્રકૃતિ પરીક્ષણમાં ૬૦ ટકા લોકો વાત્ત-પિત્ત દ્વંદ પ્રકૃતિ ધરાવતા મળ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં રહેતા લોકો ઝડપથી ઉશ્કેરાટમાં આવી જાય છે તેમજ તનાવ પણ વધુ અનુભવે છે એટલુ જ નહિ તેમનો ઉશ્કેરાટ ઝડપથી શમી પણ જતો જોવા મળી રહ્યો છે તેની પાછળનું મુખ્ય કારણ વાત્ત-પિત્ત દ્વંદ પ્રકૃતિ હોવાનું જાણવા મળેલ છે.

તાજેતરમાં જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા દરમ્યાન જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયા હતા. ૬૦૦ થી વધુ લાભાર્થીઓના કરાયેલ પ્રકૃત્તિ પરીક્ષણમાં વાત્ત-પિત્ત દ્વંદ પ્રકૃત્તિ ધરાવતા ૬૦ ટકા લોકો જણાયા હતા.

પ્રકૃત્તિ પરીક્ષણ એ આયુર્વેદ નિદાનમાં મહત્વની લેખાવવામાં આવે છે. ઋતુ પણ વાયુના પ્રકોપ અને પિત્તના સંયમની હોવાથી હવે જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન અને પરામર્શમાં આ માટેનો આખો રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

જિલ્લામાં વાત્ત પ્રકૃત્તિ, પિત્ત પ્રકૃત્તિ તેમજ કફ પ્રકૃત્તિના દર્દીઓ જોવા મળ્યા હતા. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃત્તિ જાણી અને આહાર-વિહાર યોગ્ય કાળજી રાખે તો ઘણા રોગોથી બચવુ ખૂબ સરળ થઈ જતુ હોય છે.

વાયુ પ્રકૃતિ : જેમને વાતો કરવાનો કે બોલવાનો શોખ હોય, તેઓ મોટેભાગે વાયુ પ્રકૃતિના જ વ્યક્તિ હોય તેમ સમજવું. એક જ વખત બોલવાથી જેમને સંતોષ થતો નથી અને એકની એક જ વાત બે-ત્રણ વાર બોલે અને જુદી જુદી રીતે બોલે, હાવ ભાવ અને હલન ચલન સાથે બોલે તો ચોક્કસ તેને વાયુ પ્રકૃતિની વ્યક્તિ સમજવી. આ વ્યક્તિનું શરીર અને મન બંને

● અનુસંધાન પાન-૭ પર

સ્વર્ણિમ પાર્કને કાયમી રોશની હજુ અધ્ધરતાલ

વાઇબ્રન્ટ સમિટ વેળાએ પ્રધાનમંત્રીએ મુલાકાત લીધી ત્યારે પાર્કમાં રોશનીની જગામગા કરવા વિચાર વ્યકત કર્યો હતો : કોરોના કાળમાં વાત વિસરાઇ ગઇ

ગાંધીનગર તા ૨૫

શહેરના હાર્ટ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. જો કે આ વિસ્તારમાં કાયમી રંગબેરંગી રોશનીની જગમગાટ કરવા માટે પણ એક સમયે પ્રધાનમંત્રીએ વિચાર વ્યકત કર્યો હતો જયારે અધિકારીઓએ પાર્કને રોશનીથી નિખારવા માટે તૈયારી પણ દર્શાવી હતી જો કે કોરોના કાળ દરમિયાન આ મામલે કોઇ ગતિવિધિ હાથ ન ધરાતા હાલમાં પણ પાર્કને કાયમી ધોરણે રોશનીથી શણગારવાની યોજના હજુ અધ્ધરતાલ છે.

શહેરના હાર્ટ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને વિકસવામાં આવ્યા બાદ આ વિસ્તારમાં રોશનીથી જગમગાટ કરવા માટે પ્રધાનમંત્રીએ વિચાર આપ્યો હતો. જયારે આ મામલે વિભાગના અધિકારીઓએ પણ ઉત્સાહ દાખવી તૈયારી દર્શાવી હતી. જો કે આ નિર્ણયના અંતે કોરોના કાળમાં આ વાત સાવ વિસરાઇ ગઇ હતી. સ્વર્ણિમ પાર્ક રાત્રિના સમયે જગમગ થાય તો નગરના મુલાકાતીઓ માટે પણ એક નવુ આકર્ષણ ઉભુ થાય તેમ હતુ . મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન નગરને નવી ઓળખ આપનાર દાંડી કુટીર , મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક તેમજ ગિફટ સીટીના સ્વપ્ન દ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રો મોદીની વાઇબ્રન્ટ સમિટ વેળાની મુલાકાત દરમિયાનનો આ વિચાર નગર માટે એક નવા નઝારા સમાન બને તેમ હતો. વિધાનસભાની અને દાંડી કુટીરની રોશની નિહાળી આ રોશનીની જગામગા કાયમ જળવાય તેવો વિચાર પણ વ્યકત કર્યો હતો. જયારે તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ માર્ગ મકાન વિભાગના અધિકારીઓને પણ આ મામલે જરૂરી સુચના આપી દોડતા કરી દીધા હતા. જયારે આ દરમિયાન ઈજનેરી સુત્રોએ પણ આ મામલે હકારાત્મક અભિગમ દાખવી આ સમગ્ર વિસ્તારને રંગબેરંગી રોશનીથી જગમગતો કરવા તૈયારી દર્શાવી હતી. જયારે આ માટે ડિઝાઈન અને નકશા તૈયાર કરવાની વાત પણ થઇ હતી જો કે હજુ સુધી આ મામલે કાંઇ થયુ નથી. વિધાનસભા સહીત સ્વર્ણિમ પાર્ક અને મહાત્મા મંદિરની ઈમારતોને પર્વે કે વાઈબ્રન્ટ દરમિયાન રોશનીની સજાવટ કરવામાં આવે છે. જો કે હાલ મુખ્યમંત્રી આ મામલે પુન : વિચારણા કરી આ યોજના આગળ વધારે તો નગરના હાર્ટ સમા વિસ્તારમાં રોશનીના જગમગાટ વચ્ચે પાર્કની રોનક પણ નિખરે વિશ્વના અન્ય દેશો લંડન, દુબઈ, સાંઘાઇ સ્પેરિસ સહીતના વિસ્તારમાં પણ લાઇટીંગ સ્ટ્રીટ વિકસાવામાં આવે છે. જયારે આ સ્થળો મુલાકાતીઓ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બને છે.

વડાપ્રધાનના આ વિચારના અંતે તંત્રના અધિકારીઓને પણ વિદેશના આ પ્રકારના શહેરોની મુલાકાતે મોકલવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે હાલ સ્વર્ણિમ પાર્ક માં છેલ્લા ઘણાં સમયથી બંધ વોટર શો ચાલુ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે ત્યારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ભવ્ય પાર્કની રોનક નિખારવા માટે કાયમી લાઇટીંગ કરવામાં આવે તેવી માંગ સ્થાનિકોમાં પણ ઉઠી રહી છે.

પંચાયતની કારોબારી સમિતિએ વિકાસના કામો એક માસમાં પૂર્ણ કરવા કડક તાકીદ કરી

કારોબારીના અનિલ પટેલની કાર્યકારી અધ્યક્ષતામાં મળેલ બેઠક : ડી.ડી.ઓ. અને પંચાયત પ્રમુખની ગેરહાજરીએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે કારોબારી સમિતિની મળેલ બેઠકમાં વિકાસના કામોની ગતિ વધારવા માટે તેમજ ચાલી રહેલ વિકાસ કામોની દર મહિને જિલ્લાના અધિકારીઓ દ્વારા આકસ્મિક મુલાકાત લઈ તે અંગેનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીને આપવાની સૂચના અપાઈ છે.

પલિયડ બેઠક પરથી ચૂંટાયેલા અનિલભાઈ પટેલની આજે મળેલ બેઠક માટે કાર્યકારી અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી હતી. એક કલાક ચાલેલી આ બેઠકમાં અનિલભાઈ પટેલના નામની દરખાસ્ત શિલ્પાબેન પટેલે રજુ કરી હતી અને જેને જયાબેન એસ. ઠાકોરે ટેકો આપ્યો હતો. કાર્યકારી અધ્યક્ષની વરણી પછી બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ બેઠકમાં પંચાયત કચેરી ખાતે નવુ ઝેરોક્ષ મશીન ખરીદવા, નવીન આર.ઓ. પ્લાન્ટ લગાવવા તેમજ પંચાયત સંકુલના ભોંયતળીયે અને પ્રથમ મજલાના શૌચાલયોના રિપેરીંગ અને સ્વચ્છતા બાબતે નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ બેઠકમાં તમામ તાલુકા વિકાસ અધિકારીઓને સભ્યો દ્વારા સૂચવવામાં આવેલ જે કામ હાલ પ્રગતિ હેઠળ છે તે એક માસમાં પૂર્ણ કરવા માટે તાકીદ કરવામાં આવી હતી.

આ બેઠકમાં પંચાયત સંકુલ માટે કેન્ટીન બનાવવાની જગ્યા ફાળવવા પણ જણાવવામાં આવ્યુ છે.

આજની આ કારોબારી બેઠકમાં સમિતિના સભ્ય સચિવ વ જિલ્લા વિકાસ અધિકારી હાજર રહ્યા ન હતા. પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે ચાલી રહેલા આ રાગને લઈ આ બેઠકથી તેઓ દૂર રહ્યા હતા. બેઠકમાં હાજરી નહિ આપી ચૂંટાયેલી પાંખ સામે નારાજગી વ્યક્ત કરવાની આ પરંપરા મનપા પછી હવે પંચાયતમાં જોવા મળી રહી છે.

જિલ્લા ભાજપમાં પણ મતભેદો હોવાનું આજે બહાર આવ્યુ હતુ. કારોબારી જેવી મહત્વની બેઠક અને ચેરમેનના રાજીનામા વચ્ચે મળી રહેલી આ બેઠક વેળાએ પંચાયત પ્રમુખ પણ સંકુલમાં દેખાયા ન હતા.

સોમવાર પ્રજાનો દિવસ હોવા છતાં જિલ્લા વિકાસ અધિકારી અને પંચાયત પ્રમુખની ગેરહાજરી વચ્ચે કારોબારીની મળેલ બેઠકે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો ઉભો કર્યો છે.

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

જિલ્લામાં પખવાડિયામાં ૮ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

ઉત્તર ગુજરાતમાં આજે સતત ત્રીજે દિવસે હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. યાત્રાધામ બેચરાજી તાલુકામાં આજે ૬ થી ૮ ના બે કલાકમાં ત્રણ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો જેને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે.

સાંજે ૪ વાગ્યાથી ગાંધીનગરના માણસા તાલુકામાં ૮ વાગ્યા સુધીમાં દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં આજે પણ હળવા વરસાદી ઝાપટા નોંધાયા છે. રાત્રિના ૮ વાગ્યા સુધીમાં ૫ મી.મી. તો કલોલમાં રાત્રીના ૮ વાગ્યા સુધીમાં ૭ મી.મી. જેટલો વરસાદ નોધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં સોમવારે સવારે ૬ વાગ્યા સુધીમાં સરેરાશ વરસાદ ૨૯૬ મી.મી. નોંધાયો છે. દહેગામમાં ૩૭૯ મી.મી., ગાંધીનગરમાં ૨૦૧ મી.મી., કલોલમાં ૩૩૬ મી.મી. અને માણસામાં ૨૬૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ચોમાસા દરમ્યાન સરેરાશ ૭૬૦ મી.મી. વરસાદ નોંધાતો હોય છે. ટકાવારીના સાપેક્ષમાં નોંધાયેલો વરસાદ જોઈએ તો દહેગામમાં ૪૮ ટકા, ગાંધીનગરમાં ૨૮.૬૬ ટકા, કલોલમાં ૪૨.૫૫ ટકા, માણસામાં ૩૩.૫૯ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં છેલ્લા પખવાડિયાથી જે વરસાદ થઈ રહ્યો છે તેનાથી લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. બેવડી ઋતુનો અનુભવ પણ લોકો કરી રહ્યા છે.

જિલ્લામાં છેલ્લા એક પખવાડિયામાં જ ૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. પખવાડિયામાં થયેલા આ વરસાદને પગલે તળાવોમાં નવા પાણીની આવક થવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીના અને કાદવકીચડનું સામ્રાજ્ય વધ્યુ છે એટલુ જ નહિ માર્ગોને થયેલ નુકશાનને કારણે વાહન વ્યવહાર પણ પ્રતિકૂળ બન્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com